EDI

Sandesh

June 9, 2011
Page No. 13

# આફ્રિકા-ઈન્ડિયા આંત્રપ્રિન્યોરશિપ ડેવલોપમેન્ટ સેન્ટર્સ

એડિસ અબાબા ખાતે તાજેતરમાં મળેલ દ્વિતીય આફ્રિકા-ઈન્ડિયા ફોરમ શિખર વાર્તામાં ભારતના માનનીય વડાપ્રધાન મનમોહન સિંહે આફ્રિકન ખંડમાં કેટલાક પ્રોજેક્ટ્સના અમલીકરણની જાહેરાત કરી હતી. આફ્રિકા સાથેની ભાગીદારીને સુદ્રઢ બનાવવાનું આ પ્રથમ પગલું છે. ભારત સરકારના વિદેશી બાબતોના મંત્રાલયે અમદાવાદ સ્થિત આંત્રપ્રિન્યોરશિપ ડેવલેપમેન્ટ ઈન્સ્ટિટયૂટને પસંદગીના પાંચ આફ્રિકી દેશોમાં  આંત્રપ્રિન્યોરશિપ ડેવલેપમેન્ટ સેન્ટર્સ સ્થાપવાનું પ્રતિષ્ઠિત કાર્ય સોંપ્યું છે. ઈડીઆઈ ભારત સરકાર અને એસોયિયેશન ઓફ આફ્રિકન કન્ટ્રી સાથે મસલત કરીને આ દેશોની પસંદગી કરશે.